જન્મભૂમિ

# અઢી લાખ શબ્દો ધરાવતી ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી

## રતિલાલ ચંદેરિયાની ગુજરાતીઓને અનોખી ભેટ

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૬ : છેલ્લાં લગભગ ૮૦૦ વર્ષમાં ગુજરાતી ડિક્ષનરી ક્ષેત્રે ઘણું ખેડાણ થયું છે. ગુજરાતી ભાષાની પ્રથમ ડિક્ષનરી ૧૨૮૦માં ઠાકુર સંગ્રામસિંહે બહાર પાડી હતી, એમ મનાય છે. આધુનિક યુગમાં કવિ નર્મદે તેમનો 'નર્મદ કોશ' બહાર પાડ્યો એ પછી ઘણી ગુજરાતી ડિક્ષનરીઓ બહાર પડી છે. ગુજરાતી શબ્દો અને શબ્દસમૂહો માટે ગુજરાત વિદ્યાપીઠે પ્રકાશિત કરેલો સાર્થ ગુજરાતી જોડણીકોશ સૌથી માન્ય ગ્રંથ ગણાય છે. આ પછી ૨૦મી સદીમાં પણ નવા નવા શબ્દકોશો તો પ્રગટ થતા રહ્યા છે ત્યારે નવી સદીની શરૂઆતમાં અદ્યતન ઇન્ફોર્મેશન ટેક્નોલૉજીના સહારે રતિલાલ ચંદેરિયાએ એક નવું બીડું ઝડપ્યું છે. તેમણે વૈશ્વિક ગુજરાતીભાષી કોમ માટે ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી તૈયાર કરી છે, જે આજે એક પત્રકાર પરિષદમાં વિધિવત્ લોન્ચ કરવામાં આવશે.

લગભગ ૨,૫૦,૦૦૦ શબ્દોમાંથી આ ડિજિટલ ડિક્ષનરી તૈયાર કરાઇ છે. અંગ્રેજી ટુ ગુજરાતી વિભાગમાં ૩૨૦૩૪ શબ્દો તેમ જ ગુજરાતી ટુ અંગ્રેજી વિભાગમાં ૪૯૯૩૬ શબ્દો છે. ગુજરાતીથી ગુજરાતી ડિક્ષનરીમાં ૧૪૯૭૦૯ શબ્દો છે. ૫૧૪૪ વિરુદ્ધાર્થી શબ્દો પણ છે.

ચંદેરિયાની આ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી તૈયાર કરવામાં અનેક સ્રોતોનો સહારો લેવામાં આવ્યો છે, જેમાં ગુજરાતી વિદ્યાપીઠના પ્રકાશન ખિસ્સા જોડણીકોશ, વિનીત જોડણીકોશ અને સાર્થ ગુજરાતી જોડણીકોશ, કેશવરામ શાસ્ત્રી સંપાદિત બૃહદ્ ગુજરાતી કોશ, પાંડુરંગ ગણેશ દેશપાંડે ગુજરાતી ટુ ઈંગ્લિશ અને ઈંગ્લિશ ટુ ગુજરાતી ડિક્ષનરીઓ, નરહરિ ભટ્ટ સંપાદિત અંગ્રેજી-ગુજરાતી વિનિયન શબ્દકોશ, પ્રબોધ પંડિતની ગુજરાતી ભાષાની ફોનેટિક ઍન્ડ મોરફેમિક ફ્રીક્વન્સી, શાંતિલાલ શાહનો વિરુદ્ધાર્થ શબ્દકોશ વગેરેનો સમાવેશ થાય છે. આ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી હાલની અને ભાવિ પેઢીઓની ભાષાની ભૂખ સંતોષશે. આવા પ્રકારની આ એકમાત્ર ડિજિટલ ડિક્ષનરી છે. કૉમ્પ્યુટર વાપરનારાઓ માટે એ એક આશીર્વાદ સાબિત થશે.

જોકે, રતિલાલભાઇ ખુદને શાળા કે ઉચ્ચ શિક્ષણનો લાભ મળ્યો નહોતો, પરંતુ આફ્રિકામાં વર્ષોના વસવાટ બાદ તેમ જ લંડનમાં સ્થાયી થયા બાદ તેઓ સ્વપ્રયત્નોએ જ ગુજરાતી શબ્દો શીખ્યા હતા અને છેક ૬૦ વર્ષ પહેલાં ૧૯૪૬માં એક જૂનું ગુજરાતી રેમિંગ્ટન ટાઇપરાઇટર ખરીદ્યા બાદ ગુજરાતી ટાઇપિંગ પણ શીખ્યા હતા અને ત્યારથી જ તેઓ માનતા કે ગુજરાતી ભાષાને પણ અદ્યતન ટેક્નૉલૉજીનો લાભ મળવો જોઇએ.

તેમણે તેમની આ નવલી ડિજિટલ ડિક્ષનરીમાં માહિતી ટેક્નૉલૉજીનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે. શબ્દો અને તેમનાં વિવિધ સ્વરૂપોને આ શબ્દકોશમાં સમાવી લેવાયાં છે. ગુજરાતીમાં ઉચ્ચાર કેમ થાય એ એમાં સહેલાઇથી સમજાવાયું છે. આ તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના માજી પ્રમુખ ધીરુબેન પટેલ પણ આ શબ્દકોશથી પ્રભાવિત થયાં છે. જે કામ ગુજરાત રાજ્ય, ગુજરાત યુનિવર્સિટીએ કે ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓએ કરવું જોઇતું હતું એ રતિલાલભાઇએ કરી બતાવ્યું છે.

આ ડિજિટલ ડિક્ષનરી ગુજરાતી ભાષાના વિકાસમાં ચોક્કસ ફાળો આપી શકાશે. ઉપરાંત ગુજરાતનાં ગામડાં અને શહેરો બહાર રહેતા ગુજરાતીઓને ઘણી ઉપયોગી થશે.

હાલ આ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી www.gujaratilexicon.com નામની વર્લ્ડ વાઇડ વેબ પર ઉપલબ્ધ છે.